
મહોત્સવ અનુભૂતિ



# આ સુખદ અનુભૂતિને શાશ્વત કરો પ્રભુ !

મંદિરજીની રચના અને આપણાં સૌની અધ્યાત્મયાત્રા...! શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંદર્ભે પ્રભુકૃપાથી અધ્યાત્મયાત્રામાં આપણે સૌ એક ડગલું આગળ વધ્યાં એની અનુભૂતિ થાય છે. છેલ્લાં પાંચેક વર્ષથી જ્યારે પણ હું કોઈ ઊંડી પ્રાર્થનામાં ખોવાઈ જાઉં ત્યારે ધ્યાન અવસ્થામાં મને પોતાને કોઈ શિખરબદ્ધ મંદિરમાં આપણા ધામ–ધામી–મુક્તની મૂર્તિ સમક્ષ એક પિલ્લરને અઢેલીને બેઠી હોઉં તે સ્થિતિ મારી જાતને અનુભવતી. મને થાય કે, આપણું એક પણ મંદિર આવું નથી તો શું હું કોઈ સ્થાનની શોધમાં છું ? એક દિવસ ધારી મહાપ્રસાદિક સ્થાન મંદિરના ચોકમાં સાહેબદાદા બોલ્યા, 'આપણે ધારી જેવું શિખરબદ્ધ મંદિર કરવું છે !' મને જાણે મારો જવાબ મળી ગયો. પણ; હજી હતું કે, મૂર્તિઓ તો નવી આવશે અને મને દર્શન તો જૂની મૂર્તિનાં જ થાય છે તો એનો જવાબ પણ સાહેબદાદાએ એક મીટિંગમાં આપ્યો કે, '૨૭ વર્ષથી આપણા સૌ શુભ સંકલ્પ આ મૂર્તિએ પૂરા કર્યા છે એટલે આ મૂર્તિ આપણે નીચેના ગર્ભગૃહમાં પધરાવવી છે.' બસ, એ દિવસે મારા માટે જાણે શિખરબદ્ધ મંદિર પૂર્ણરૂપે સાકાર થયું.

જે દિવસે પ્રાણપ્રતિષ્ઠા થઈ, સર્વ સ્વરૂપો થાળ જમ્યાં પછી નૂતન મંદિરે દર્શન કરવા ગયાં. ઉપરના ગર્ભગૃહમાં અલૌકિક દર્શન ! મહારાજ – સ્વામી – શાસ્ત્રીજી મહારાજ – યોગીબાપા જાણે રાજી થકા સૌને દર્શનસુખ આપી રહ્યા હતા. ત્યાંથી નીચેના ગર્ભગૃહમાં દર્શન કરવા ગયાં... ફક્ત ગર્ભગૃહમાં જ પ્રકાશ... દર્શન કરી પિલરને અઢેલીને બેઠી... આંખમાંથી અશ્રુ વહ્યાં... એ પ્રતીતિ હતી ધ્યાનાવસ્થામાં થતાં દર્શન સાકાર થયાની. જે પિલરને અઢેલીને બેઠી એ પિલર પર લખ્યું છે : 'ઉપાસના સિદ્ધાંત ૩' ભગવાનનું પ્રગટપણું. આપણા માટે એ ભગવાન પ્રગટ – સાહેબદાદા સ્વરૂપે, એ પ્રતીતિ દૃઢ કરવાનો રૂડો અવસર એટલે મંદિરજી મહોત્સવ. સાહેબદાદા ઘણી વખત એક વાત કરે છે, જૂલે વર્ન નામના લેખકે ચંદ્ર પર કઈ રીતે જવાય તે વિષય પર કલ્પના કરીને બુક લખી. અમેરિકન સાયન્ટિસ્ટોએ આ બુકના આધારે પ્રયત્ન કર્યા તો કલ્પના હકીકતમાં પરિણમી અને નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર પર જનાર પહેલો અમેરિકન બન્યો. ગુરુબળે આપણે નક્કી કર્યું કે, 'મંદિર સ્થૂળ રીતે પૂર્ણ થાય, મહોત્સવ ઉજવાય તે દરમિયાન સાહેબદાદાએ આપેલા ઉપાસનાના સિદ્ધાંતોને જીવીને જીવનમાં તેને સાકાર કરવાના પ્રયત્નો કરવા છે.'

આ સંકલ્પમાં બળ પૂર્યાં 'બ્રહ્મનિર્ઝર' પત્રિકાએ ! ફેબ્રુઆરી ૨૦૧૯થી. 'બ્રહ્મનિર્ઝર'માં શ્રીજી મહારાજ રચિત – શાસ્ત્રીજી મહારાજ રચિત મંદિરોની ગાથાનો વિભાગ શરૂ થયો. વાંચતાં વાંચતાં એક વાત દૃઢ થઈ, શ્રીજી મહારાજ સ્વયં સદેહે આ પૃથ્વી પર વિચરતા, છતાં મંદિરોની રચના સમયે જે લીલાઓ કરી તેવી લીલાઓ આ પ્રગટ પુરુષ સાહેબદાદા કરવાના. મહારાજે સ્વયં ઈંટો ઊંચકી... આ પણ ઊંચકવાના, મહારાજે સોનું – ધન સેવામાં લઈ સૌની આસક્તિ છોડાવી... સાહેબદાદા પણ એ જ કરવાના. એક તાંસરું ઘઉં દળે એનું કલ્યાણ એ વચન મહારાજે આપ્યું... એક રૂપિયા બચત કુંભમાં, પસ્તી આપે એનું કલ્યાણ ! એ વચન સાહેબદાદાનું. યોગીજી મહારાજે જ્યાં કટોકટીનો મામલો જાહેર કર્યો અને ધૂન–ભજન–પ્રાર્થનાથી સઘળાં કાર્ય પાર પાડ્યાં તેમ એમનું સ્વરૂપ સાહેબદાદા પણ એ જ કરવાના. ૧૩ દોકડા એટલે સંપૂર્ણ સમર્પણ ! મહારાજને સંપૂર્ણ સમર્પણ જ્યાં ભક્તોએ ધર્યું ત્યાં અનન્ય રાજીપો વરસાવ્યો... આ સ્વરૂપ પણ એ જ કરવાનું. 'લો ૧૨ રૂપિયા ને કરો મંદિર' એમ કહી ધન બાબતે અસમર્થતા મહારાજે બતાવી... આ પણ બતાવવાના, પણ જ્યાં બ્રહ્માનંદ સ્વામી બોલ્યા, 'સાહેબ સમ શેઠિયા' એમ કહી મહારાજના સંકલ્પમાં શંકા ના કરી તો મહારાજે ઐશ્વર્ય–પ્રતાપ ખુલ્લા હાથે વાપર્યાં. આપણે જ્યાં માન્યું સાહેબદાદાના સંકલ્પ બાપા પૂરા કરવાના છે ત્યાં આશીર્વાદ વરસાવ્યા : 'લક્ષ્મીજી આવશે, આઘી જશે નહીં, તોટો પડશે નહિ... મંદિર થશે.'



~ સીમા પટેલ
(અનુપમ મિશન, ભારત)

આ વર્ષે વડતાલ પદયાત્રા દરમિયાન મંદિરનાં પગથિયાં ચઢતાં અનુભવાયું કે, ૨૦૦ વર્ષથી આ મંદિર અડીખમ ઊભું છે, અરે ! ભક્તોનાં ભક્તિ–સમર્પણસમાં સોનાનાં શિખર થયાં છે. બ્રહ્મજ્યોતિનું મંદિર પણ આવતાં ૫૦૦ વર્ષ સુધી આમ જ દિવ્યતાથી ઝળહળતું હશે. પ્રથમ સોપાને જ જ્યાં શાસ્ત્રીજી મહારાજ–યોગીજી મહારાજની સોનાની મૂર્તિઓ શોભાયમાન છે તો સોનાનાં શિખર પણ થવાનાં. આ પ્રતીતિ એટલી બધી પ્રબળ છે કે, ભલે દેખીતી રીતે મંદિરનું કાર્ય હજુ ચાલુ છે, પણ એમની કૃપાથી મને મંદિરનાં પૂર્ણ દર્શન છે.

હે મહારાજ ! આપના સ્વરૂપના સંકલ્પને વિશે આ દઢતા કરાવવા બદલ અમે આપના ખૂબ ઋણી છીએ. આ સંકલ્પ દઢતામાં મહત્તમ બળ પૂર્યાં સદ્‌ગુરુ સંતોની સાહેબદાદાના સ્વરૂપને વિશે અનન્ય નિષ્ઠાએ – સાહેબદાદાએ કરેલા સંકલ્પને વિશે અનન્ય શ્રદ્ધા અને તેઓનો દાસત્વ ભાવે ! સાહેબદાદાએ સ્થૂળ મંદિરની રચના સાથે આપણા સૌના સુહૃદ બની એક સંકલ્પ કર્યો કે, 'સૌનાં હૃદય મંદિર કરવાં છે.' મંદિરનું જ્યારે ખાતમુહૂર્ત થયું ત્યારે સાહેબદાદાએ આજ્ઞા કરી કે, 'સંતબહેનો સાથે તું ખાડામાં ઊતરજે.' બીજો પ્રસંગ : પ્રથમ ખાતમુહૂર્ત સમયે ગર્ભિત થયેલા કળશ જે ખોદકામ સમયે મળ્યા, જેને પુનઃ પધરાવવાના હતા. માંડ અડધા ફૂટનો ખાડો હતો ત્યારે સાહેબદાદા ફરી બોલ્યા, 'પૂ. ઈન્દિરાબહેન પરીખના હાથમાં જે કળશ છે તે તું ખાડામાં ઊતરી પધરાવજે.' પૂ. મનોજભાઈ રચિત ભજનની પંક્તિ ગાઉં, 'નિર્દોષભાવના પાયા ઊંડા પાતાળે ઘન ઢાળું રે...' ત્યારે સાહેબદાદાના મુખે બોલાયેલા 'ખાડામાં ઊતરજે' એ આજ્ઞામાં અધ્યાત્મ ઉજાગર થતું હતું.

આપણે જ્યારે 'સર્વ સુહૃદ સોપાન' ઊજવ્યું ત્યારે એક આશિષ પ્રવચનમાં સાહેબદાદા બોલ્યા હતા કે, 'મહારાજ કૃપા કરીને આ પૃથ્વી પર પ્રગટ્યા અને ગુણાતીત સંત સ્વરૂપે આ પૃથ્વી પર અખંડ રહ્યા એ એમનો આપણા પ્રત્યેનો સુહૃદભાવ.' સાહેબદાદાએ સમજણ આપી હતી કે, સંતો–ભક્તો નિર્દોષ ને દિવ્ય છે. મને–તમને સૌને મહારાજ વર્તાવી રહ્યા છે. જો આ વાત મનાય તો આપણે શ્રીજી મહારાજના કર્તાભાવનો સ્વીકાર કરી તેમના સુહૃદ બન્યા કહેવાઈશું. સમૈયા–ઉત્સવ દરમિયાન વિવિધ સેવાઓમાં પળેપળ આ જાગ્રતતા રાખી જીવ્યાં તો હૈયે અનેરો આનંદ પ્રગટ્યો. જે પળે એમ વિચાર આવે કે, આટલા સમર્થ સંતો છે તો આ પ્રશ્ન તો આમ ઊકલી જાય, છતાં પ્રશ્ન ગુંચાયેલો દેખાય ત્યાં પ્રભુ જાગ્રતતા આપે કે, સાહેબદાદા સૌનાં સ્વભાવ–પ્રકૃતિ–ચિત્ત–અહંકારની ભૂમિકાઓ મેંને જ કરી રહ્યા છે ; એ સાક્ષીભાવે દર્શન કરી જાગ્રતતા પ્રાપ્ત કરવાનો લહાવો મળ્યો. વ્યવસ્થાના ભાગરૂપે પ્રશ્નો પણ આવ્યા પણ એનો ભાર ના રહ્યો. અંતે મહારાજને ગમ્યું એ જ થયું, એનો અહોભાવ થયો. જ્યાં નિર્દોષબુદ્ધિ દઢ થઈ ત્યાં સઘળું જાણે એકદમ સરળ બન્યું. મૂંઝવણ જ ના રહી અને અમ સૌ મુક્તોમાં જાણે દેવતાઓ આવી કાર્ય કરી ગયાં. વિવિધ સેવાઓમાં સઘળું દિવ્ય લાગ્યું. આ મહોત્સવમાં વિશેષ દર્શન હતાં ; સદ્‌ગુરુ સંતોનાં સંકલ્પે–વચને ભક્તોનાં સેવા સમર્પણનાં ! આ મહોત્સવ 'Reunion' હતું. કેટલાય મુક્તોનાં દર્શન આઠ–દસ વર્ષે થયાં. તો ઉંમરમાં નાનાં એવાં બાળકો કે જેઓ, પૂર્વજન્મના સાહેબદાદા અને સદ્‌ગુરુ સંતો પ્રત્યેના પ્રેમની શાશ્વતતાનાં દર્શન કરાવતાં હતાં.

મહોત્સવની ફલશ્રુતિનાં એંધાણ આપતા હોય એમ એક પ્રસંગે પ.પૂ. શાંતિદાદાનાં દર્શનની સ્મૃતિ થાય છે. "હાલતાં ચાલતાં" ભજન કોરિયોગ્રાફ કરવામાં અઘરું પડે છે તેથી એ ભજન 'નવધાભક્તિ' પ્રોગ્રામમાંથી ડ્રોપ કરીએ તેવી રજૂઆત કલ્ચરલ કમિટીના સભ્યોએ પ.પૂ. શાંતિદાદા સમક્ષ કરી. પ.પૂ. શાંતિદાદાએ એક અઠવાડિયું ભજન કર્યું, પછી કલ્ચરલ પ્રોગ્રામની એક મીટિંગમાં બધાંની સમક્ષ જ્યારે આ રજૂઆત થઈ ત્યારે પ.પૂ. શાંતિદાદાએ એકદમ પરભાવમાં આવી ખૂબ આગ્રહપૂર્વક કહ્યું કે, 'તમને કોરિયોગ્રાફ કરવામાં અઘરું પડતું હોય તો તમે વગાડજો, હું આવીને નાચી જઈશ પણ આ ભજન લેવું જ છે.' એમના એ આગ્રહ પાછળનું અધ્યાત્મ સમજાવતાં કહ્યું, આ ભજનના શબ્દો એ આ સમૈયાની ફલશ્રુતિ છે. "સઘળું લુંટાઈ જાય, આવે પ્રલય... મારી ભીતર સાહેબ હેમખેમ છે" આ પ્રાપ્તિ કરવી છે.

પીઠિકા પૂજનના દિવસે સાહેબદાદાએ આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, 'અધૂરા ઘરે જ વાસ્તુ થાય એટલે આપણે અધૂરા મંદિરે જ મૂર્તિઓ પધરાવીશું.' સ્થૂળ મંદિરની સાથે સાથે હે પ્રભુ ! હે સાહેબદાદા ! આપના સંકલ્પે કાંઈ કેટલાંય હૃદયમંદિરો રચાઈ રહ્યાં છે. કેટલાંકના પાયા ખોદાયા છે, કેટલાંકના પિલર ચણાયા છે, કેટલાંકનાં ગર્ભગૃહ તૈયાર થયાં છે, કેટલાંકનાં શિખર ચઢ્યાં છે તો કેટલાંકના કળશ ચઢ્યા છે. ભલે અમારાં હૃદયમંદિર હજુ અધૂરાં હોય પણ પ્રગટસ્વરૂપે આપ હૃદયમંદિરે બિરાજ્યા છો એનો અહેસાસ છે. આ સુખદ અનુભૂતિને શાશ્વત કરો પ્રભુ, એ જ અભ્યર્થના ! ◆